

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
**સુરેશ પ્રા. ભટ્ટ**
99789-26251

*બંધારણ સામે ખતરાની લાલ-બત્તી થઈ ગઈ!*
*લોકશાહી, દુષ્કર્મી પતિ પાછળ સતી થઈ ગઈ !*
*સસ્તી થઈ ગઈ કિંમત 'ગવર્નર' જેવા પદની -*
*ભાજપની ભૂંડી સત્તા-ભૂખ હવે છતી થઈ ગઈ !*

**હાઈકુ**

*ગુજરાતનાં -*
*ત્યાગ-સત્ય-ધર્મની,*
*વેંચી આબરૂ...*

*વગાડે બેન્ડ*
*ખિલોના ચાવી 'વાળા'*
*સિપાઈ બની...*

## ચિંતન

**રાજદૃષ્ટિં ન ચ વકતવ્યમ્ ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**રાજાની ટીકા ના કરવી જોઈએ.**

**રાજાના ચારિત્ર્ય પર લાંછન લગાડતા આક્ષેપ ક્યારેય ના કરવા જોઈએ. કારણ કે રાજા રાષ્ટ્રનો પ્રતિનિધિ છે. એના ચારિત્ર્ય વિશે આક્ષેપ કરવા એ રાષ્ટ્રનું અપમાન છે.**

**આ વાત પ્રાચીન જમાનાના પવિત્ર શિક્ષિત - સંસ્કારી રાજાઓ માટે લખાયેલી હતી - આજના રાજાઓ (પ્રધાનશ્રીઓ) અભણ અપરાધી અને ચારિત્ર્યહીન છે એટલે એમને પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજા સામે ખૂલ્લા પાડવામાં કોઈ વાંધો નથી.**

## સુવિચાર

- ખુશામત કરીને ખીર ખાવી એના કરતા ખુમારીથી જીવીને ખીચડી ખાવી સારી - **મોરારિ બાપુ**
- હૈયાથી દાન કરતો માણસ કદી વિચાર કરતો નથી,
  વિચાર કરતો માણસ ભાગ્યે જ દાન કરી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૈં ભીતર ગયા... મૈં ભી તર ગયા - **ફેસબુક**
- સંજોગોને સજાવતા શીખો, સુખની સરગમ બનાવતા અને દુઃખની દિવાસળી સળગાવતા શીખો, પ્રશ્નો જીવનના તો ઉકેલાઈ જશે, આપણે ઉકલી જઈએ તે પહેલાં જિંદગી જીવી લેતા શીખો - **જનકલ્યાણ**
- રહેવા માટે ઘર છે, ખાવા માટે અન્ન છે તેથી જ હે ઈશ્વર તારા સિવાય બીજે મન છે - **અંકિત ત્રિવેદી**
- મન થાય એવું કરો, મનફાવે એવું નહીં - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : તલના ફુલ, ગોખરું અને સિંધવને કોપરેલમાં નાખી તેનો લેપ કરવાથી માથામાં પડતી ટાલ અટકે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

હાલ ગુજરાતના સૌથી લોકપ્રિય ગાયક કીર્તિદાન ડાયરાનો કાર્યક્રમ આપવા પર્થ ઓસ્ટ્રેલિયા ગયા. ત્યાં એમની ટૂરના સંચાલક ઉપર એક ફોન આવ્યો. ફોન કરનારે કહ્યું, 'કીર્તિદાન ભાઈને અમારે ઘરે લઈને આવો.' સંચાલકે કહ્યું, 'એવું તો શું ખાસ છે કે કીર્તિદાનભાઈ તમારે ઘરે આવે ? શું તને એમના કોઈ સગા-સંબંધી થાવ છો ?' કારણ કે કીર્તિદાન ભાઈના ઓસ્ટ્રેલિયામાં ઘણા ચાહકો છે, અને એમ તે કેટલાકને ઘરે જાય ?'

ત્યારે ફોન કરનારે કહ્યું, 'અમારી દસ વર્ષની દીકરી સતત આઠ મહિનાથઈ કીર્તિદાન ભાઈનું ગાયેલું 'મેરી લાડકી' ગીત સાંભળીને જ સૂતી. જે હવે આ દુનિયામાં નથી રહી. અમે ઈચ્છીએ છીએ કે કીર્તિદાન ભાઈ એકવાર અમારે ઘરે આવીને અમારી દીકરીની તસવીર આગળ 'મેરી લાડકી' ગીત ગાય જેથી અમારી દીકરી ના આત્માને શાંતિ મળે.

સંચાલકે કીર્તિભાઈને વાત કરી, કીર્તિભાઈ એ હા પાડી, એ દીકરીની તસ્વીર ને પુષ્પો અર્પણ કરી કીર્તિભાઈએ, 'મેરા લાડકી' છેડ્યું, સૌ પરિવારના સદસ્યો ભાવ-વિભોર બની ગયા. વાતાવરણ ગમગીન બની ગયું સૌ એ કીર્તિભાઈનો આભાર માન્યો.

કીર્તિભાઈએ સંચાલકને કહ્યું, 'આવા પ્રસંગો સંગીતને ધન્ય કરી દે છે, જીવનને અને કરુણતાને અનોખી નજરથી મુલવી દે છે, આજનો આ દિવસ મારા ખુદના માટે પણ ધન્ય દિવસ છે.'

# વડાપ્રધાન મોદી વિશ્વનેતાના રોલમાં

કર્ણાટકની ચૂંટણીમાં ધાર્યા નિશાન પાડવામાં નિષ્ફળ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશની ઘટનાઓના પ્રતિકૂળ પ્રતિભાવ ખાળવા રશિયાના પ્રવાસે જઈ રહ્યા છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આ પ્રકારની પલાયનવૃત્તિ માણસને તત્કાલ ઊભી થયેલી દબાણ (સ્ટ્રેસ)ની સ્થિતિમાંથી ઉગારવા માટે મદદરુપ બનતી હોય છે. કર્ણાટક ચૂંટણીને મોદી અને એમના અભિન્ન અંગ જેવા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે અંગત પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો હતો. ચૂંટણી જીતવા માટે આકાશપાતાળ એક કર્યા છતાં મૅજિક આંકડા સુધી ન પહોંચી શકાયું તેમ છતાં કર્ણાટકમાં ભાજપની સત્તા લાવવા એમણે કરેલા પ્રચંડ પુરુષાર્થનો રકાસ થયો તેથી સ્વાભાવિક રીતે જ તેઓ ભારે હતાશા અનુભવતા હશે. હતાશાના જાણીતા ઈલાજોમાં સ્થળ છોડી દઈ દૂરસુદૂર કોઈ રમણીય વિસ્તારમાં એકાંત સેવવાનો ઉપાય મુખ્ય છે. વડાપ્રધાન માટે આ પ્રકારની વ્યવસ્થા ડાબા હાથનો ખેલ છે. પ્રવાસનો ગાંડો શોખ ધરાવતા વડાપ્રધાન મોરારિ બાપુની કથાઓની જેમ મહિને એકાદ-બે વાર તો વિદેશમાં આંટોફેરો કરી આવતા જ રહે છે. અલબત્ત, એથી દેશની નામના વધે છે, વિદેશોમાં ભારતનું નામ ગાજે છે બલકે એથી પણ વધુ પ્રમાણમાં મોદી-મોદી-મોદીના પ્રાયોજિત નારા લાગતા રહે છે. વિદેશવાસી ભારીતીયો માટે પોતાના દેશના કર્ણધારનાં પાવન પગલાં થાય તે 'પ્રભુ પધાર્યા' જેવી મંગલ ઘટના બની રહે છે. કામધંધો છોડીને એ ભલાભોળા ભારતીયો મોદીસાહેબનાં છટાદાર પ્રવચનો સાંભળવા ટોળે વળે છે. એટલું જ નહીં, મોદી સાહેબ એમની આગવી સ્ટાઈલમાં વિદેશમાં પણ કોંગ્રેસના નહેરુવંશી નેતૃત્વની મજાક ઉડાવી પોતે જ દેશની વિકાસ કૂચના પહેલા અને છેલ્લા સૂત્રધાર હોવાનું પણ ઠસાવવાના પ્રયાસ કરે છે. તાળીઓના ગડગડાટ અને હાસ્યની છોળો વચ્ચે દેશવાસીઓને શું વીતે છે - પેટ્રોલ - ડિઝલ ભડકે બળે છે, મોંઘવારી માઝા મૂકી રહી છે, કાશ્મીર સળગી રહ્યું છે, હિંદુ-મુસ્લિમો તથા સવર્ણ-દલિતો વચ્ચેની ખાઈ વધુ ને વધુ પહોળી થઈ રહી છે, વિકાસના નામે માત્ર પાંચ-દસ મોટા ઉદ્યોગપતિઓનો જ વિકાસ થઈ રહ્યો છે, નાના ધંધા રોજગારોને કમરતોડ માર પડી રહ્યો છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે કે નકસલવાદીઓ અને સરહદ પરના ઘૂસણખોરો આપણી સેના તેમજ અર્ધલશ્કરી દળના જવાનોનો રોજના હિસાબે બલિ ચડાવતા રહે છે - એ બધું જ ભુલાઈ જાય છે. એ બધા તરફ આંખમિચામણાં કરવા માટે મીડિયા અને અખબારોને મોં માંગી કિંમત ચૂકવી દેવાય છે. યશવંત સિન્હા જેવા રડ્યાખડ્યા જૂના જોગી જાહેરમાં કઠોર વાસ્તવનું ચિત્ર રજૂ કરવાની કોશિષ કરે છે ત્યારે એમને અસંતુષ્ટ કહી ઉતારી પાડવામાં આવે છે. અંગત પ્રચાર અને પ્રવાસ પાછળ મોદીશાસક કાળમાં ખરચાયેલાં નાણાંનો હિસાબ માગવા કોઈ નવરું નથી. વિપક્ષ પાંગળો છે. એનું થાગડથીગડ સત્તાલક્ષી વલણ એને પ્રજાની આંખમાં વિશ્વસનીય સ્થાન આપી શકતું નથી. પરિણામે લોકશાહીના નમૂનારૂપ દેશમાં રીતસરની તાનાશાહી ચાલી શકે છે અને એને પ્રજા ચૂપચાપ સ્વીકારતી રહે છે. પ્રજા પણ સમજે છે કે આ રાજકારણીઓ કોઈ જુદી જ માટીની ઓલાદ છે. એમની પાસે ઝીંક ઝીલીને બરબાદ થવા કરતાં આપણે ભલા ને આપણું કામ ભલું. બાબુઓ, સીબીઆઈ, ઈન્કમટેક્સ કે ઈડી જેવા બધા જ સત્તા સ્થાને બેઠેલા પ્રતિભાવંત વિશ્વનેતાની આરતી ઉતારતા હોય ત્યાં કોણ કહે કે વિવાહ ભૂંડો છે - દાળમાં તો કાળું જ કાળું છે ?

*તંત્રીસ્થાનેથી...*

# જીવવા માટેનો ચોકકસ કોઈ અભ્યાસક્રમ નથી, બાકી સઘળી બાબતે અભ્યાસ મારો કમ નથી

'કયારનો મોબાઈલ પર ગેમ રહે છે, હવે મૂકી દે.' મમ્મી એ કહયું.

'બસ, થોડીક વાર, મમ્મી.'

'બેટા, હોમવર્ક બાકી છે.' મમ્મીએ કરગરીને કહયું.

'હા, મમ્મી, બસ... છેલ્લી ગેમ... !'

'અરે પણ, હમણાં કલાક સુધી તો તું લેપટોપ પર ગેમ જ રમતો'તો ને ? વળી પાછો... ઓહ.... હે ભગવાન !'

'તું બહુ કકળાટ કરે છે મમ્મી, રમવા પણ નથી દેતી'

હાથ-પગ પછાડતા બાળકે મોબાઈલ સોફા પર ફેંકયો અને ડ્રોઈંગરૂમમાં જઈને ટીવી ઓન કરીને જોવા બેસી ગયો. થોડીવાર પછી મમ્મીનું ધ્યાન ગયું ને ફરી એ જ ઘમસાણ.

'અરે.. તું પાછો ટીવી જોવા બેસી ગયો ?' મમ્મી એ પ્રશ્ન કર્યો.

'તું કંઈ જ કરવા દેતી નથી.'

'બેટા, છેલ્લા ત્રણ કલાકથી તું..... !' મમ્મી પરેશાન થઈ ગઈ.

'મમ્મી તું કચકચ બહુ કરે છે. કંઈક કરવા જાઉં છુ ને તું બધી વાતે ના પાડે છે.' બાળક ચીડાઈ ગયો.

મમ્મી અને બાળક વચ્ચેના સંવાદો આપણા ઘરના સંવાદો હોય તેવું લાગ્યા કરે. બાળકો મોબાઈલ, ટીવી અને કમ્પ્યૂટરના એડિકટ છે. પેરેન્ટસ માટે તે માથાનો દુઃખાવો સાબિત થાય છે.

'સંદેશ' ની રવિવારની સંસ્કારપૂર્તિમાં વાંચ્યા પછી મમ્મીએ બાળકને મોબાઈલ આપવાની મનાઈ ફરમાવી દીધી.

પપ્પાએ બચાવ કરતાં કહયું, 'હશે, બાળક છે થોડોક સમય રમેય ખરો !.'

'તમને ખબર છે છેલ્લા ત્રણ કલાકથી તે ગેમ રમે છે. હોમવર્ક પણ બાકી છે. બાળકોને મોબાઈલથી કેટલુ નુકસાન થાય છે તે ? ઘરમાં હું રહું છું તમારે શું ?' મમ્મીએ છણકો કરતાં પપ્પાને સંભળાવ્યું.

મમ્મીએ ઉમેર્યું : ટેલિવિઝન અને વીડિયોગેમ રમવાથી મેદસ્વિતાનું પ્રમાણ વધે છે. શારીરિક કસરત અને આઉટડોર ગેમનો અભાવ તે માટે જવાબદાર છે. બે કલાકથી વધુ સમય સ્ક્રીન સાથે ચોંટી રહેનાર બાળક સ્કૂલના અભ્યાસમાં આગળ કેવી રીતે રહી શકે ? સતત સ્ક્રીન સામે રહેવાથી આંખો નબળી પડે અને જાડાં કાચના ચશ્મા આવે, સમજયાં ? અને હા તમે કહેતા'તાને આપણું બાળક ગુસ્સો બહુ કરે છે, તો જુઓ આ વાંચો. સતત હિંસક ગેમ રમવાથી બાળકોમાં હિંસાનું પ્રમાણ વધે છે અને સ્વભાવ ગુસ્સાવાળો થઈ જાય છે.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
**ડો. સંતોષ દેવકર**

'તુ ઘણુ બધુ વિચારી લે છે.' પપ્પાએ મમ્મીને અટકાવતાં કહયું.

'વિચારવું જ પડે ને !' ફોનના રેડિયેશનથી બાળકોમાં મગજ અને કાનનું કેન્સર થઈ શકે છે. ટીનએજર બાળકો મૂવિમાં સ્મોકિંગ અને આલ્કોહોલ લેતા જોઈને તેનામાં એડિકશનનું પ્રમાણ વધે છે. ટીનેજર છોકરીઓ ફેશન અને ડાયેટીંગના રવાડે ચડી જાય છે. ભૂખ્યા રહીને વજન ઉતારવાની પધ્ધતિ અપનાવે છે અને સાયકોલોજીકલ ડિસઓર્ડરથી પીડાય છે. જાહેરાતો જોઈને જાત-જાતના તેલ, સાબુને શેમ્પુ ખરીદી લાવે છે અને અજમાવે છે.

'ઓહ, તારું વાંચન તો ઘણ વિશાળ અને ઊંડાણ પૂર્વકનું નીકળ્યું.' પપ્પાએ રાજીપો વ્યકત કર્યો.

'લો, તમેય વાંચો' કહીને મમ્મીએ પપ્પા તરફ છાપુ ધર્યું.

સંસ્કારી કુટુંબના વણલખ્યા નિયમો :

★ બાળકોનો સ્ક્રીન ટાઈમ (ટીવી /મોબાઈલ /કમ્પ્યૂટર /ટેબલેટ) એક કલાકથી ઓછો હોય.

★ કમ્પ્યૂટર બાળકના બેડરૂમમાં નહિ પણ લીવીંગ રૂમમાં હોય.

★ જમતી વખતે ટીવી બંધ હોય અને હસી મજાક ચાલુ હોય.

★ અઢાર વર્ષથી ઓછી ઉંમરના બાળક પાસે મોબાઈલ ન હોય.

★ ફાસ્ટફૂડની અતિશયોકિત અને આઉટડોર ગેમનું મહત્ત્વ સમજતા હોય.

**મિસરી**

'જીવવા માટેનો ચોકકસ કોઈ અભ્યાસક્રમ નથી,
બાકી સઘળી બાબતે અભ્યાસ મારો કમ નથી.'

- કિરણસિંહ ચૌહાણ

# અજબ યે ઝિંદગી કી કૈદ હૈ, દુનિયા કા હર ઈન્સાં રિહાઈ માંગતા હૈ, ઔર રિહા હોને સે ડરતા હૈ...

થોડા વખત પહેલા એક સ્નેહી મળ્યાં, કહ્યું કે હમણાં વેકેશન છે, તો કયાંક જતા રહેવું છે, એકલા! વિપશ્યનામાં, નર્મદા કિનારે કોઈ આશ્રમમાં બસ બધું છોડીને થોડોક સમય ચાલ્યા જવું છે... આ બધી પળોજણ અને જવાબદારીઓથી કંટાળી ગયો છું... થોડોક તો બ્રેક જોઈએ જ. બધું છોડીને બસ ભાગી છૂટવું છે...

આપણામાંના ઘણાને આવા સંવાદ કયારેક ને કયારેક સાંભળવા જરૂર મળ્યા હશે... અરે આપણે ખુદ પણ આવા વિચારો વારંવાર કરતા હોઈશું...

વાત સાચી છે, પરંતુ ભાગી ભાગીને કયાં જઈશું... એક ગ્રીક કથા વાંચી હતી તે યાદ આવે છે...

સમુદ્રમાં એક દ્વિપ હોય છે... અને જયારે પણ તે દ્વિપ પાસેથી કઈ પણ વહાણ પસાર થાય એટલે ચૂરેચૂરા થઈ જાય... તેની નજીક જતાં હર એક ખલાસી ડરે... પરંતુ તે દ્વિપનું એક આકર્ષણ પણ હતું.... ત્યાં દ્વિપ પર અદ્ભૂત અપ્સરાઓ વસે છે... તેમનો જાદુ એવો કે જેવું વહાણ પાસે આવે ત્યારે અપ્સરાઓ ગીત છેડે... મુસાફરો સાંભળે, નજીક આવે, અને તેમનો સર્વનાશ થઈ જાય.... આ અપ્સરાઓનું ગ્રીક નામ હતું... 'સાયરન'. તેના નામ પરથી જ ચેતવણીરૂપે વાગતી ધ્વનિ એટલે 'સાયરન' એમ ઓળખાય છે....

ઓડીસીના કથાનાયક, યુલિસિસાને ત્યાં જવાનું થયું, તેને કાનમાં રૂ ના પૂમડા નંખાવ્યા, પોતાને બંધનોથી જકડી દીધો... દ્વિપ આવીને પસાર થઈ ગયો.... પ્રયોગ સફળ થયો... પરંતુ જબરજસ્તીનો પ્રયોગ હતો...જંગલી ઉપાય હતો...

આનાથી વધુ સારી યુક્તિ ઑરફિયુસનને સૂઝી તેની પાસે ફક્ત વીણા હતી. દ્વિપ આવ્યો ત્યારે ઑરફિયુસ વીણા લઈને વગાડવા લાગ્યો...

આપણા જીવનમાં પણ અપ્સરાઓ છે. લાલચ છે, મોહ છે, આનાથી દૂર થવાના બે ઉપાય છે (૧) ઈન્દ્રિયદમન (૨) મુરલી / વીણા...

ઉત્તમ ઉપાય તો વીણા જ છે... આ પ્રસંગ લેખની શરુઆતના અંશના સંદર્ભમાં એટલા માટે ઉપયોગી નીવડી શકે છે, કે આપણે ભાગવાનું નથી... ભાગ લેવાનો છે.

પ્રવાસનું આયોજન જીવનમાં કરવું જોઈએ, આત્મિક આનંદ માટે સાવનાનો સમય અલગ તારવવો જોઈએ... પરંતુ કશાકથી ભાગી છૂટવા માટેની આ પ્રવૃત્તિઓ ન હોવી જોઈએ...

જીવનને વધુ રોચક તથા આપણા વર્તુળમાં સંલગ્ન લોકોના જીવનમાં પણ હકારાત્મક પ્રભાવ પાડવા માટે આ પ્રવૃત્તિઓ કરીએ તો, જયાર ખોટું નથી... પરંતુ કશાકથઈ ભાગવાની વાત કરીએ તો એ તો આપણી જાતને જ છેતરવાની વાત થઈ ને !

વળી આપણે અળવીતરા છીએ... સંપૂર્ણ એકાન્ત તો આપણને પણ પચતું નથી...

વિપશ્યનામાં જવાના નિયમમાં - મૌન પાળવાનું હોય છે, મોબાઈલ નિષેધ છે, આપણે તો કુરબાની દઈ શકતા નથી...

પ્રવાસ માટે બધું છોડીને કયાંક ભાગી જવું હોય છે, પરંતુ અપલખણા એવા છીએ કે, ફેસબુક પર 'ચેક ઈન' અપડેટ કરવાની આદતથી બચી શકતા નથી.

નીત-નવી જગ્યાઓ પર આપણે પછી પહોંચીએ છીએ, પરંતુ આપણું સ્ટેટ્સ પહેલા પહોંચી જાય છે... ફેસબુક સ્ટેટ્સ આગોતરું હાજરી નોંધાવી દે છે...

નાં તો આપણે યુલિસિસની જેમ ઈન્દ્રિયદમન કરી શકીએ છીએ... ના તો એકધારી વીણાવાદન કરી શકીએ છીએ...

અજબ યે જિંદગી કી કૈંદ હૈ, દુનિયા કા હર ઈન્સાં
રિહાઈ માંગતા હૈ,
ઔર રિહા હોને સે ડરતા હૈ...

- રાજેશ રેડ્ડી

સંપૂર્ણ આપણને કશું ખપતું નથી... રણછોડ બનીને ભાગી છૂટવું છે... પરંતુ તે જ રણછોડ ગિરિધારી ગિરધર પણ હતો... પર્વત ટચલી આંગળી પર ઉંચકનાર ગિરીધર નથી બનવું.



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

મનકૃત્વતા સરળ અર્થો આપણે આત્સમાત્ કરી લીધા છે... સહેલુ છે ને !

વાસ્તવમાં આપણે જીવનને બોજ ન સમજીને જો મોજ સમજીએ ને ! તો કયારેય ભાગીએ નહીં, શા માટે આપણા ભાગે આવતા કર્તવ્યને પરાણે પૂર્ણ કરવા ? હસતાય કરવું અને રોતાય કરવું તો... હસતા કેમ નહીં...

'૧૦૨ નૉટ આઉટ'માં અમિતાભનો સંવાદ છે કે 'મુજે મૌત બિલકુલ પસંદ નહીં હૈ... મૈં જીતેજી કભી મરા નહીં હૂં...'

ખૂબ જ સરળ શબ્દોમાં કેટલી મોટી ફિલોસોફી કહી દીધી છે... મૃત્યુ આવે તે પહેલા જીવતા જ મરતા રહેવું, તે તો જીવનનું અપમાન જ છે ને !

નર્મદા કિનારે કે ગંગા કિનારે જતા રહેવું.... હિમાલયમાં ચાલ્યા જવું કે ગિરનાર ચાલ્યા જવું... એ પ્રોબ્લેમના સોલ્યુશન નથી... આ બધી જ જગ્યાએ જવું જ જોઈએ... તેની નામ નહિં... પરંતુ કોઈથી ભાગીને નહીં - પરિવાર સાથે જઈએ.... મિત્રો સાથે જઈએ... વળી પાછો નવા સંચાર સાથે 'પ્રાણવાયુ' ભરી લઈને બેવડા જોશથી અને ઉમંગથી જિંદગીના નવા પડકારો ઝીલી લેવા માટે ઉલટભેર પાછા આવીએ...

આવો અભિગમ રાખવો તે પ્રશંસનીય છે.... કર્તવ્ય અને કાર્ય - જવાબદારીને ખૂબ જ કુશળતાપૂર્વક પાર પાડવા માટે... મચી પડવા માટે... ચાલો ઑકિસજન એકઠી કરી લઈએ...

jayuoza@gmail.com,
Mo. 9898046488

# આપ્યાનો આનંદ માંહ્યલાને ને જગતને ઉજાળે છે

"માણસની અંદર રહેલો માહ્યલો જાગે તો તેનું જીવન ધન્ય થઈ જાય છે." આ શબ્દો કહ્યા હતા પૂજ્ય મોરારિ બાપુએ. અવસર હતો સાણંદ સ્થિત માનવ સેવા ટ્રસ્ટના મનુભાઈ બારોટ આયોજિત માતૃવંદના કાર્યક્રમનો.

સાણંદના નળસરોવર રોડ પરની હાઈસ્કૂલમાં મોરારિ બાપુના હસ્તે ૨૦ માતાઓનું રૂા. ૨૫ હજારની બોન્ડ તેમજ શાલ આપીને સન્માન કરાયું હતું. દીકરીને જન્મ આપીને દીકરાથી પણ સવાયુ શિક્ષણ અપાવનાર સાત મહિલાઓનું પણ સન્માન કરાયું હતું.

માનવ સેવા ટ્રસ્ટ દ્વારા તમામ મહિલાઓને વિમાન માર્ગે હરિદ્વારનો યાત્રા પ્રવાસ કરાવાયો ત્યારે આ તમામ મહિલાઓ હર્ષિત થઈ ઊઠી હતી.

ગ્રેજ્યુએટ થઈને પાનના ગલ્લાથી શરુઆત કરનાર મનુભાઈએ 'પીડ પરાઈ જાણે રે...' શબ્દો સાર્થક કર્યા છે. જરૂરિયાતમંદ લોકો સુધી તેઓ રાજય સરકાર સમાજના શ્રીમંતો એન આસપાસના કંપનીઓની આર્થિક મદદથી જરૂરી લાભો પૂરા પાડવામાં માધ્યમ બને છે.

માતા સમુબેન અને પિતા જીવાભાઈના સંતાન મનુભાઈનો ઉછેર સાણંદ ગામમાં... બાળપણ - યુવાની સંઘર્ષમાં વીતી હાઈસ્કૂલ સુધી સાણંદમાં ને કૉલેજ શિક્ષણ અમદાવાદમાં લીધું. દરમિયાન સાણંદ બસ સ્ટેન્ડમાં પાણી વેચવાનું કામ કરી ઘરને આર્થિક ટેકો આપ્યો. સતત લોકોને મળવાનું થાય એટલે સામાન્ય માણસોના પ્રશ્નો - વેદનાઓ માટે સંવેદના જાગી ને ૨૦૦૩માં માનવ સેવા એજ્યુકેઓશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના મિત્રોના સહકાર સાથે કરી.

હેલ્થ ચેકઅપ, બ્લડ ડોનેશન, વૃક્ષારોપણ, શૌચાલય અભિયાન જેવા જાગૃતિના કાર્યો વધતા ગયા - લોકો જોડાતા ગયા આ પ્રવૃત્તિમાં ને ત્યાગ વધતો ગયો. એમના મનમાં જરૂરિયાત મંદ લોકોની સેવા કરવાનો, માનવ માત્ર જ નહિ પશુ-પંખીને પણ ઉપયોગી થવાનો વિચાર સતત આવે અને એટલે પોતે એવા કાર્યો વિચારે અમલમાં મુકે એન સમાજના જુદા જુદા વર્ગના લોકોને પણ સાથે રાખીને સદ્કાર્યમાં જોડે.

વૃક્ષારોપણ હોય, નળકાંઠાના ગામોમાં સગર્ભા મહિલાઓના આરોગ્યની વાત હોય કે મુંગા પશુ-પક્ષીઓની સંભાળ અને પ્રકૃતિ રક્ષાની વાત હોય, મનુભાઈ બધા કામમાં આગળ હોય.

રાજ્યના પવિત્ર યાત્રાધામોમાં ગંદકી કરનારાઓ સામે મનુભાઈ અને તેમના સાક્ષીઓ ગાંધીગીરી અપનાવે છે. 'કૃષ્ણ કંટાળ્યા કચરાથી' બેનર સાથે તેમને દ્વારિકામાં સ્વચ્છતાનો સંદેશ આપી સફાઈ અભિયાન કર્યું હતું.

સાણંદથી નળસરોવરનો પટ્ટો પાણીગ્રસ્ત વિસ્તાર છે, અહીં મચ્છરનો ઉપદ્રવ વધુ છે, તે વિસ્તારની બહેનોને તે સગર્ભા હોય ત્યારે તેમનું ટ્રસ્ટ મચ્છરદાની પહોંચાડે છે, દીકરીનો નજમ થાય ત્યારે આશાવર્કર બહેનોની સહાયથી ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કરે છે ને નોટબુક વિતરણ, બેનામી લાશની અંતિવિધિ જેવા સેવાકાર્યો કરે છે. શિક્ષણ-આરોગ્ય - પર્યાવરણ, બેટી બચાવો અભિયાન જેવી પ્રવૃત્તિઓમાં મનુભાઈ સતત વ્યસ્ત રહે છે.

ઑટો હબ ગણાતા સાણંદ વિસ્તારમાં ફોર અને ટુ વ્હીલર વાહનોના ડીલરો જયારે કોઈને વાહન સુપ્રત કરે ત્યારે તેમને વનવિભાગના સહકારથી વાહનો સાથે વૃક્ષો પણ આપવામાં આવે છે.

અહીંના કેટલાક લોકો પક્ષીઓનો ગેરકાયદેસર શિકાર કરતા હતા. વનવિભાગની સહાયથી કાર્યક્રમો યોજાયા, એમને સમજાવ્યા, પૂ. મોરારિ બાપુ સુધી વાત પહોંચાડીને ૧૫.૦૨.૨૦૧૬ના રોજ ૩૫ વ્યક્તિઓએ બાપુ પાસે પોતાની જાળ સમર્પિત કરી અને પક્ષીઓને ન મારવાનો સંકલ્પ લીધો.



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

આ વિસ્તારની ૨૦ દલિત બહેનો જેમના પરિવારમાં કોઈ નથી, તેમને દ્વારકા - સોમનાથ દર્શન કરાવ્યા ને પછી લઈ ગયા. મોરારિ બાપુ પાસે એમના ગામ તલગાજરડામાં.... સાથીઓએ - બહેનોએ ભજનો ગાયા - બાપુએ શાલ ઓઢાણી સન્માન કર્યું ને રાજી રાજી થઈ સહુ પાછા સાણંદ આવ્યા.

પ્રવૃત્તિઓને સરકારના વિવિધ વિભાગો, સામાજિક સંસ્થાઓ અને અધિકારીઓ - પદાધિકારીઓ - કંપનીઓનું ખુબ સારું પ્રોત્સાહન મળી રહે છે.



સમાજમાં છેવાડાના માનવી સુધી પ્રાથમિક રૂપે જરૂરી જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડીને, તેમના જીવન ધોરણમાં સુધારો કરીને રાજી થવાનો આનંદ જે લોકો લઈ રહ્યા છે. તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. આવા લોકોની પ્રવૃત્તિઓ સાથે કોઈને કોઈ રીતે જોડાઈને આપણે પણ જયારે સમય - લક્ષ્મી - માહિતી - સ્કીલ જેવા અનેક માધ્યમો થકી કશુંક આપીએ છીએ ત્યારે આપણો માહ્યલો રાજી રહે છે અને આપણી આસપાસ આપ્યાનો આનંદ ઉજાસરૂપે રેલાય છે ને અજવાળા ફેલાય છે.

●●●

દીધું હોય તો દેતો જાજે
આવ્યું હોય તો આપતો જાજે

- જાણીતું ભક્તિપદ